2/-

પાના ૨૪

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

વર્ષ - ૨ ● અંક -૨૦૬ ● સળંગ અંક - ૪૯૬ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

પત્રી અ.સૌ. ઉર્મિલા શૈલેષ ધરોડ ઉ.વ. ૪૪ તા. ૩૦-૧૧ના ટુંકી માંદગીથી વલસાડ મુકામે અવસાન પામેલ છે. વિરામા ભારમલ ભોજના પૌત્રવધુ. સ્વ. પુરબાઈ/મંજુલા મઠા રાઘવજી ભારમલની પુત્રવધુ. શૈલેષના ધર્મપત્ની. યશ્વી, આયુષીના માતુશ્રી. રામાણીયાના રંજનબેન ખેરાજભાઈના પુત્રવધુતુલ્ય. સુશીલા, અમૃત, શીલાના ભાભી. બારોઈના જગશી નાનજી, વડાલાના પ્રવિણ વિશનજી, મુકેશ લાલજીના સાલના ઘરેથી. ટોડાના સુંદરબેન મુરજી, પત્રીના મણીબેન ડુંગરશી, કારાઘોઘાના કંકુબેન ટોકરશી, ભોરારાના મેઘબાઈ મગન, કાંડાગરાના લીલાવંતી હરીલાલના ભત્રીજા વહુ.સ્વ. પરીન, પિંકેશ, કિલ્પા, તરલા, અલ્પા, મનીષ, અમીત, કુંજના મામી. સાડાઉના કુંવરબાઈ કાકુ સામતના દોહીત્ર વહુ. દેવકાબેન દેવજી, સાકરબેન કેશવજી, મોખાના મણીબેન રામજી, પત્રીના રંજનબેન મણીલાલના ભાણેજ વહુ. વલસાડના સુમીત્રાબેન બુધ્ધભાઈ પટેલની સુપુત્રી. મનીષ, સતીષ, શીલાની બહેન. રીટા, અનીતાની ભાભી. ધ્રુવ, અભિષેક, દિયાની ફુઈ. સંગીતા, સાજન, સેફાલી, કૃતિક્ષાના માસી. વલસાડના રમણભાઈ જીવન, છોટુભાઈ ડાયાભાઈની ભત્રીજી. પ્રા : શ્રી વ.સ્થા.જૈન સંઘ સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦. ઠે. શૈલેષ ધરોડ, સી/૧૦૧, પેરીન પેલેસ, આનંદનગર, ડોંબીવલી (વે.) ૪૨૧૨૦૨. મો. ૯૮૯૨૨૫૭૨૮૨.

1/1/1 -------- (A-(1-5)

કાંડાગરાના કિશોર મગનલાલ ગાલા ઉ. ૬૦ હાર્ટફેલથી મુંબઈમાં અવસાન પામેલ છે. ગંગાબાઈ ગાંગજીના પૌત્ર. નાનબાઈ મગનલાલના પુત્ર. વર્ષાના પતિ. વિશાલ અનિલના પિતા. અર્ચના સારીકાના સસરા. વસંત હંસાના ભાઈ. દિનેશ ડુંગરશી લાપસીયાના સાલ. નેહલ દર્શ ના કાકા. સપનાના જેઠ. બિદડા કંકુબેન ટોકરશીના પૌત્રીવર. રસીકબેન કલ્યાણજીના જમાઈ. મુકેશ કોડાયના રેખા દિનેશના બનેવી. હર્ષાના નણંદોઈ. મિતના કુઆ. કોડાયના કસ્તુરબેન લાલજીના દોહીત્રી વર. ભુજપુરના હીરબાઈ હીરજીના દોહીત્ર. ધનવંતી હંસરાજના ભાણેજ. અનીષા જીતેશના મામા. ગોધરાના કરણ મંગલભાઈ ઈશીતાના મામાઈ સસરા. રતનબાઈ રતનશી ઝવેરબાઈ ખેતશી પોપટ રવિલાલ બિદડાના મણીબાઈ વીરજી ભુજપુરના દેવકાંબાઈ કરમશી રામાણીયા લક્ષ્મીબાઈ તેજશી ભાડીયાના ચંચળબેન લક્ષ્મીચંદના ભત્રીજા લહેરી હેમંત ભુજપુરના પ્રીતી રાજેશ મોખાના લતા દિપેશ નાની ખાખરના લીના નિલેશ સ્વ. હીનાના કાકાઈ ભાઈ. નાશિકના સંગીતા રમેશ તેલુર ઔરંગાબાદના છાયા દતુ મગરેના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. કિશોર મગનલાલ, દત્તગુરૂ હા. સોસાયટી, વિક્રોલી પાર્કસાઈટ, મું. ૭૯. *(ત્વચા/ચક્ષુદાન કરેલ છે)* ફોન સંપર્ક રૂબરૂ તુલ્ય. ફો. વિશાલ-૮૬૯૧૮૨૨૨૩૩, અનિલ-૮૦૯૭૦૨૬૩૩૫.

4/1/1 -------- (1-5)

નાગલપુરના માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ છેડાના સુપુત્રી ભારતી ભરત ગાંધી (ઉ.વ. ૬૧), તા. ૦૧-૧૨-૧૯ના માંદગીથી અરિહંત શરણ પામેલ છે. છોટાલાલ, સુરેન્દ્ર, શૈલેષ, સંજયના બેન. ઈન્દીરા, મીના, નીતા, જ્યોત્સનાના નણંદ. પ્રભાસ પાટણના ભદ્રાબેન જગમોહનદાસ ગાંધીના પુત્રવધુ. યામીતના માતુશ્રી. સોનીયાના સાસુ. અરીનના દાદી. નાગલપુરના ખીમજી, ભવાનજી, ચુનીલાલ, ખાંતીલાલ, રાયણના પ્રભાબેન દામજી, ગોધરાના રંજનબેન વસંતલાલના ભત્રીજી. કોડાયના કલ્યાણજી, ખીમજી નરશી, મણીબેન પ્રેમજીના ભાણેજી. **પ્રાર્થના સભા રાખેલ નથી.** એડ્રેસ : ભરત ગાંધી, બી-૬૦૩, બ્લુ તુલીપ, બ્લુ એમ્પાયર કોમ્પલેક્ષ, લીંક રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭. મો. ભરત-૭૦૨૧૫૭૯૨૨૩.

1/1/1 -------- (1-5)

વડાલાના જયાબેન દિપક ભેદા ઉ.વ. ૬૨, તા. ૩૦ના અવસાન પામેલ છે. કેસરબેન મગનલાલ ભેદાના પુત્રવધુ. દિપક મગનલાલના પત્ની. વિરલ, ના. રતડીયાના હેતલ હર્ષદના માતુશ્રી. અંકિતા, નાના રતડીયાના હર્ષદ હેમંતના સાસુ. પ્રથમ, વીહાનાના નાનીમા. ગુંદાલા શકુંતલા શાંતીલાલ કુંદરોડી રંજન વિરેન્દ્ર, વડાલા વીણા નરેન્દ્ર સ્વ. હીતેન્દ્ર, નીલેષ, ગુંદાલા કક્ષા મહેન્દ્રના ભાભી. જ્યોતિ, હીનાના જેઠાણી. વડાલા દેવકાંબેન રવજી કુંવરજી ભેદાના પૌત્રવહુ. દેવકાબેન દેવજી ગાલાની પુત્રી. સ્વ. રસિક, ટોડા વેજબાઈ નાનજી, દેશલપુર ખંતીલા હરખચંદના બહેન. બારોઈ ધનજી સારગ કેનીયાના દોહીત્ર વહુ. ના. રતડીયા લીના હેમંત રાયશી, બાંભડાઈ કસ્તુરબેન મહેશ સોનીના વેવાણ. વડાલા રવજી ખેતશી, મુરીબાઈ દેવજી, ભુજપુર પ્રેમજી, વીરજી, કાનજી વેરશીના ભાણેજી. વડાલા અમૃતલાલ, ગોવિંદજી, શાંતીલાલના ભત્રીજા વહુ. ભુમીકા, ઝરના, વિમલના કાકી. ચિરાગના ફઈ. રાજુ, હીના, મમતા, નિકુંજ ગાલા, સેજલ, ઋચી, ઋષભના મામી. નીકીતાના મામી સાસુ. **પ્રાર્થના રાખેલ નથી.** આત્માના કલ્યાણ અર્થે નવકાર ગણવા. ફોન આવકાર્ય. ઠે. દિપક ભેદા, ૨૦૨, સાંઈ ગાયત્રી સદન, બદ્રુકા કોલેજની સામે, કાચીગુડા, હૈદ્રાબાદ-૫૦૦૦૨૭. દિપક-૯૨૪૭૮૦૪૮૨૦, વિરલ-૯૮૮૫૧૨૫૩૦૫.

4/1/1 -------- (1-5)

વધુ મરણ ખબર માટે જુઓ પાનું ૨

વધુ વિગત માટે જુઓ પાના નં. ૨

બારોઈના કેશવજી નાનજી મોતા (ઉ.વ. ૭૭) ભુજ મધ્યે તા. ૨૯-૧૧ના અવસાન પામેલ છે. હીરબાઈ પાસુના પૌત્ર. રતનબેન નાનજીના પુત્ર. સાકરબેનના પતિ. મીન્ટુ, અલ્પેશ, લીના, સંજયના પિતા. રૂપલ, જીનલ, ગેલડા કીરીટ રવજી, દેશલપુર ધીરેન કલ્યાણજીના સસરા. યશ, પૂજા, જય, કેવલના દાદા. ગુંદાલા ભક્તિ ચિંતન દેઢીયા, કૃતિકા, વિરાજ, મૈત્રીના નાના. જગશી, શાંતીલાલ, રમેશ, તેજબાઈ, દમયંતી, દીનાના ભાઈ. સુશીલા, કસ્તુર, નિર્મળાના જેઠ. પરીન, પિંકેશ, નીમેશ, ભાવિનના કાકા. નીતા, કેતના, વૈશાલી, પ્રિયાના કાકાઈ સસરા. દેશલપુર રવજી શામજી, ગુંદાલા વસંત જાદવજી, કાંડાગરા દિનેશ શામજીના સાલ. ઝવેર રાઘવજી, કલ્યાણજી, તલકશીના કાકાઈ ભાઈ. કપાયા મેઘબાઈ જેઠા રાયશીના દોહીત્રા. બિદડા માકબાઈ લીલાધરના દોહીત્રી વર.ગેલડા સોનબાઈ જખ્ખુ કરમણના જમાઈ. ગાંગજી, મગન, ખીમજી, લાલજી, ધનજી, ભુજપુર કાનબાઈ વેલજી, બેરાજા સુંદરબેન માવજી, નવીનાર રતનબેન શામજી, બેરાજા લક્ષ્મીબેન ધનજીના બનેવી. ગેલડા રવજી કેશવજી, કપાયા માવજી મોરારજી, દેશલપર કલ્યાણજી દામજી, રામાણીયા તલકશી શામજીના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. : સાકરબેન કેશવજી મોતા, ૩૮, જ્યુબીલી કોલોની, ભુજ (કચ્છ) ૩૭૦૦૦૧. મો. ૮૯૮૦૬૬૪૦૮૭.

4/1/1 -------- (1-5)

વડાલાના ભવાનજી મેઘજી (પટેલ) નિસર ઉ.વ. ૭૮ માંદગીથી અવસાન પામેલ છે. માતુશ્રી ખેતબાઈ મેઘજી ગાંગજીના સુપુત્ર. ભાનુમતી (બચુબેન) ના પતિ. વનિતા, દિપક, જયેશના પિતા. વડાલા લક્ષ્મીચંદ વશનજી, રૂપા, દિપાના સસરા. અંજલી, હર્ષ, રોનક, હિરલના દાદા. જીગર, વિકીના નાના. કેજલ, નેહાના નાનાઈ સસરા. ભૂમિ, આર્યાના મોટા નાના. મણીલાલ, રતાડીયા (ગ.) લક્ષ્મીબેન ડુંગરશી, વડાલા સાકરબેન વશનજી, છસરા શાંતાબેન કેશવજી, ભાનુબેન રામજી, પત્રી હેમકુંવરબેન રતીલાલના ભાઈ. હિતાના જેઠ. છસરા પાંચીબેન તેજપાર ભીમશીના દોહીત્ર. પ્રાગપુર દેવકાંબેન ભીમશી સાવલાના જમાઈ. ભોરારા વીરજી ટોકરશીના દોહીત્રી વર. કપાયા નાનબાઈ હીરજી જેવતના બનેવી. પ્રાગપુર વશનજી, હરીલાલ, પોપટ, કપાયા પ્રભાબેન હરીલાલના કાકાઈ બનેવી. જતીન, વિજય, પૂનમના મોટા બાપા. દીપા, નેહલ, બારોઈ પરીન ધનજી કેનીયાના કાકાઈ સસરા. વડાલા પાનબાઈ વશનજી ગોગરી, વેડસા મંજુલા દિનેશ, લાખાપુર યશવંતી લખમશી શેઠીઆના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ફોન આવકાર્ય. વનિતા-૮૪૩૩૬૦૪૦૯૭, દિપક-૯૮૯૨૪૨૪૬૭૦, જયેશ-૯૮૧૯૧૬૬૩૩૪, દિપા-૯૮૩૩૮૨૫૭૩૮. ઠે. જયેશ બી. નિસર, બી-૧૦૨, તિલક ઈન્દ્રાયણી બિલ્ડીંગ નં. ૪૮, તિલકનગર (વે.), મુંબઈ-૮૯.

4/1/1 -------- (1-5)

મોટા આસંબીયાના ભાનુબેન પ્રેમજી નાનજી ગોગરી ઉ. ૮૬ માંદગીથી અવસાન પામેલ છે. મા. દેવકાબેન નાનજીના પુત્રવધુ. મીના, દિપક, કિશોર, રેખા, વીણાના માતુશ્રી. મધુ, રેખા, ના. ખાખર કીર્તી વશનજી, નાંગલપુર રમેશ ડુંગરશી, લાયજા હસમુખ શામજીના સાસુ. વિમળાબેન ખીમજીના દેરાણી. જવેરબેન પદમશીના જેઠાણી. મો.આ. હંસાબેન વશનજી છેડાના ભાભી. મયંક, વિશાખા, કુંજલ, કુણાલના દાદી. મો.આ. હર્ષ મામણીયા, મુંબઈ રેહાન બામણે, પલ્લવી, તોરલના મોટા સાસુ. મંજરી, મીલીંદ, ઉર્વી, નિરાલી, દર્શનના નાની. ડુમરા રાજેશ દામજી સાવલા, ગુંદાલા પારસ હરખચંદ સંગોઈ, કોડાય નિરવ મહેન્દ્ર ગંગર, કાંતિ, રિધ્ધીના નાની સાસુ. ના. આસંબીયા વેલબાઈ ખીમજી વિજપારની સુપુત્રી. લખમશી, કુંવરજી, રાઘવજીના બેન. સાકર, મંજુલા, લક્ષ્મીના નણંદ. દેવકાબેન મુરજી, મો.આ. દેવકાંબેન વેલજી, કોડાય કેસરબેન ખીમજીના ભત્રીજી. મો.આ. રતનબેન મોણશી ગંગુના દોહીત્રી. સંસારપક્ષે પ.પૂ.સા. હેમલતાશ્રી મ.સા.ના ભાણેજી. ના.ખા. ખેતબાઈ વશનજી, બાડા લક્ષ્મીબેન હીરજી, છસરા પાનબાઈ માલસી, નાંગલપુર પાનબાઈ ડુંગરશી, લાયજા મીઠીબેન શામજીના વેવાણ. મો.આ. ભારતી રસિક, ઉનડોઠ હેમા વીપીન, મુંબઈ ફેમીદા મુરાદ, ડેપા રશ્મી પ્રફુલના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે.** નિ. કિશોર ગોગરી, બી-૨૬, કૃષ્ણાલયા, મંન્કીકર રોડ, ચુનાભટ્ટી (વે.), મું. ૨૨. ૯૯૬૯૦૪૯૭૩૦.

4/1/1 -------- (1-5)

નવીનારના (હાલે નાગપુર) માતુશ્રી મઠાબેન ઉં. ૯૭ તા. ૩૦-૧૧ના અવસાન પામેલ છે. ભાણજીભાઈ હેમરાજ વોરાના પત્ની. જીવીબેન હેમરાજ રણશીના પુત્રવધુ. મોરારજી, પ્રેમીલા, શોભના, પ્રભા, ભારતી, ભાવનાના માતુશ્રી. રમીલાના સાસુ. હીતેશ, હીનાના દાદી. ખુશીના પરદાદી. પ્રતાપર વશનજી મેઘજી, રતાડીયા (ગ.) ચીમનલાલ ટોકરશી, ભુજપુરના રસીક વશનજી, કારાઘોઘાના ભોગીલાલ ભવાનજી, પત્રીના રમણીક વશનજીના સાસુ. દેવપુરના સેવંતી ગાંગજી અને (નાગપુર)ના મોનાના મોટા સાસુ. ભુજપુરના ખેતબાઈ હધુ વેલજીની સુપુત્રી. વેરશીના બેન હેમલતાના નણંદ. જ્યા, મંજુલા, મનસુખ, મહેન્દ્ર, રસીલાના ફોઈ. ભાનુ, જ્યેન્દ્રાના ફોઈ સાસુ. દેશલપુર (કંઠી)ના ધારશી તાલાની ભાણેજી. રાજેશ, અમિતા, ભાવના, મીરા, કૃષ્ણા, જુલી, જ્યોતિ, અમિત, જયેશ, જીગર, હીના, પિયુષ, પિનલ, અંકિતાના નાની. પ્રતાપરના કુંવરબાઈ મેઘજી, રતાડીયા (ગ.) નેણબાઈ ટોકરશી, ભુજપુરના દેવકાબેન વશનજી, કારાઘોઘાના લક્ષ્મીબેન ભવાનજી, પત્રીના લાછબાઈ વશનજી, સમાઘોઘાના કસ્તુરબેન રામજીના વેવાણ. દેવપુર મંજુલા ગાંગજી, નાગપુરના કમળાબેન માધવરાવના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. મોરારજી, ૨૦૮, યશવંત કોમ્પલેક્ષ, લકડગંજ, નાગપુર-૪૪૦૦૦૮. મો.હીતેશ-૯૪૨૩૧૦૧૬૬૨, રમીલા-૯૩૫૯૩૭૩૦૩૯.

4/1/1 -------- (1-5)

ભુજપુરના *મઠાંબાઈ બાપાલાલ લાલન (ઉ. ૯૭) તા. ૩૦-૧૧ના અવસાન પામેલ છે. કોડાયના માતુશ્રી દેવકાબાઈ (બા) શામજી નાનજી પટેલના પુત્રવધુ. બાપાલાલના પત્ની. પ્રભા, વાસંતી, હેમલતા, શરદ, બીપીનના માતા. ચિરાગ, દેશલપુર ઉર્વી નિપુલ ગાલાના દાદી. વિધ્યાના મો. સાસુ. ક્રિશા, પલકના મો. દાદી. કાવ્યના મો. નાની. કોડાય પ્રેમચંદ પટેલ, બાબુભાઈ, ભુજપુર મણીબેન નવિન શેઠીયાના ભાભી. ઉષાબેનના જેઠાણી. કપાયા રૂપા શશીના કાકી. કોડાય મણીલાલ શામજી સૈયા, મો. આસંબીયા શશીકાંત ધનજી છેડા, ભુજપુર કોરશી મોનજી દેઢીયા, નીતાના સાસુ. ધીરેન, રાયણ હેમલ નીખીલ, અમીત, કોડાય ડિમ્પલ વિજય, વીકી, મુન્દ્રા, પ્રીતી પરાગના નાની. રેશ્મા, રક્ષા, હેતલના નાની સાસુ. ભુજપુરના હાંસબાઈ વલભજી નરશી શેઠીયાના પુત્રી. કોડાય નાનબાઈ પ્રેમજી, ભુજપુર રતનશી વલભજી, નવિન શેઠીયાના બેન. વેલબાઈ, મણીબેનના નણંદ. વેલજી હેમરાજ પટેલના દોહીત્ર વહુ. સાડાઉ રામજી પુંજા ગાલાના દોહીત્રી. મો. ખાખર ખેતબાઈ રતીલાલ વિક્રમ, કોડાય આસબાઈ શામજી, મો. આસંબીયા ધનવંતી, ધનજી, ભુજપુર કેસરબેન મોનજીના વેવાણ. દેશલપુર ભારતીબેન જેન્તીલાલના મો. વેવાણ.* **પ્રાર્થના રાખેલ નથી.** *ઠે. શરદ લાલન, ૨૦૨, જય રાધેશ્યામ, આર.પી.રોડ, ડોંબીવલી (ઈ.) ૪૨૧૨૦૧. શરદ-૯૮૯૨૫૪૮૧૫૩, નીતા-૯૮૬૭૬૨૮૭૦૮.*

4/1/1 -------- (1-5)

છસરાના *લાડબાઈ રતનશી છેડા ઉ. વર્ષ ૯૮, તા. ૩૦-૧૧ના અવસાન પામેલ છે. સ્વ. ઉમઈબાઈ માલશીના પુત્રવધુ. સ્વ. રતનશીના પત્ની. સ્વ. માવજી, ભાનુ, જગદીશ, પ્રવિણના માતા. સ્વ. ઝવેરબેન, હેમલતા, જયા, જયા, છસરાના મોહન ધનજીના સાસુ. સ્વ. હંસરાજના ભાઈપત્ની. સમાઘોઘા મમીબાઈ નરશી સંગોઈ, પ્રેમજીના ભાભી. હીરબાઈના દેરાણી. ઝવેરના જેઠાણી. ઉષા, સુનીલ, શિલ્પા, નીપા, નિશા, નીરજ, કપીલના દાદી. વિહાન, મનન, ભવ્યા, ભક્તિ, મીરના મોટા દાદી. ફરાદ્રી પ્રકાશ શાંતીલાલ, રાયણ જીગ્નેશ કાંતીલાલ, બિદડા વિનીત મણીલાલ, કીના, હીરલ, ભાવિનીના દાદી સાસુ. તૃમિ, કીર્તી, મિતેષના નાની. ચાર્મી, જીગર, ફોરમ, હર્ષ, કેવલ, સખી, દિપ, વિનીત, રાજ, મીત, માહીના મોટા નાની. લાઠીના નીતીન, સોનલ, દીપાના નાની સાસુ. લાખાપરના પુંજાબાઈ વજપાર શેઠીયાના સુપુત્રી. લાખાપરના સ્વ. ખીમજી, સ્વ. ખેતશી, પત્રીના સ્વ. વેલબાઈ કાનજી, સોનબાઈ શામજી, વાંકી, સ્વ. કેસરબાઈ પદમશી, પ્રેમજીના બેન. સ્વ. કુંતીબાઈ, સ્વ. મમીબાઈ, સ્વ. રતનબાઈના નણંદ. પત્રીના ચોથીબાઈ ઉમરશી, રતાડીયા ગણેશના ગંગાબાઈ ગાંગજી, ભુજપુરના સ્વ. ખેતબાઈ ગગુભાઈ, તેરાના લક્ષ્મીબાઈ ચાંપશી, છસરાના મમીબાઈ દામજીના વેવાણ.* **પ્રાર્થના રાખેલ નથી.** *એ. જગદીશ છેડા, ૬૦૧, નવનીતનગર, ડોંબીવલી (ઈ.) ૪૨૧૨૦૪. મો. ૮૧૬૯૫૯૭૫૧૪.*

4/1/1 -------- (1-5)

એક્ષચેન્જ ઓફર SALE SALE

તમારી જુની સાડી, પેન્ટ, શર્ટ, ડ્રેસ આપી બદલામાં વિશાલની ન્યુ લેટેસ્ટ પ્રિન્ટો તેમજ પ્રિન્ટેડ સાડીમાં ક્યાંય જોવા ન મળે તેવી પ્રિન્ટોનો ખજાનો તેમજ ફેન્સી ડ્રેસ પીસ, પ્લાઝો કુર્તી, માટે પધારો. ઉર્મી સાડી ઈર્સ્ટન પ્લાઝા, ૩૫ ગ્રાઉન્ડ ફ્લોર, દફ્તરી રોડ, મલાડ (ઈસ્ટ) મો. ૯૧૬૭૫૧૩૩૫૦, ૯૭૦૨૮૨૬૦૨૪, ૦૨૨-૨૮૮૮૧૩૧૯. રવિવાર બંધ.

4/1/1(11) -------- (B-19852)(1-5)

'પરી ડાયમંડ' એક્સચેંજ ઓફર
જુનુ લાવો નવું લઈ જાઓ મો.૯૮૨૦૭૩૨૫૦૪

બીજે ક્યાંથી પણ લીધેલા, જુના દાગીના ડેમેજ થયેલા પોલીશ ખરાબ થયેલા એક્સચેંજ કરી નવી આઈટમોમાં ૩૦ થી ૫૦% છુટ, આઈટમ જોઈને ભાવ નક્કી થશે.

● એ.ડી. માં પે.સેટ વીટી 1gm એન્ટીક, કુંદન જવેલરી, સ્વરોસ્કી ડાયમંડમાં બુટ્ટીઓ રેડી. બુટ્ટીમાં પુશના બદલે પેચ ચાકી ઓડરથી

● શો.નં.૧૮/૧૯, શાસ્ત્રી માર્કેટ, માટુંગા (સે.રે.) મો.૯૯૨૦૩૧૧૪૦૫. પ્રો.કેકીન સાવલા

3/1/1(8) -------- (B-19563)(23-10)

ઈટાલીયન માર્બલ અને ઈમ્પોર્ટેડ ગ્રેનાઈટ માટે જાણીતું નામ લા-ઈટાલીયા મારબલ

કુદરતના ખોળે સૌંદર્યનો ખજાના સમા ઈટાલીયન મારબલ....લા-ઈટાલીયામાં

● ઈમ્પોર્ટેડ મારબલ અને ગ્રેનાઈટ માટે વિશ્વસનીય નામ એટલે લા-ઈટાલીયા.

● વ્યવસાયમાં "Honesty" અમારો મુદ્રાલેખ, પરીણામે પ્રલોભન નહીં, પારદર્શક વ્યવહાર અને માર્ગદર્શન.

● સંપર્ક : લા-ઈટાલીયા મારબલ, વિક્રોલી (ઈસ્ટ)

● મો. શીરીષ શેઠીયા (કારાધોધા) ૯૮૨૦૦૮૧૨૩૭, જીનેશ શેઠીયા-૯૮૧૯૧૭૧૩૩૩.

4/1/1(56) -------- (B-19960)(12-11)

શુદ્ધતાની ઓળખ 'ઉર્જા ચ્યવનપ્રાશ'

પપ્પયાની ભેળસેળથી બચો ! આયુર્વેદિક વૈદ્ય-ડો. જય સાવલા દ્વારા સ્વનિર્મિત શુદ્ધ અને ઉત્તમ ગુણવત્તાનો ચ્યવનપ્રાશ વાપરો. 'ઉર્જા ચ્યવનપ્રાશ'ના સેવન કરવાથી એના એન્ટી ઓક્સિડેટીવ કાર્યના લીધે રોગ પ્રતિકારક શક્તિ વધે તેમજ સાંધાનો દુખાવો, યાદ શક્તિ ઓછી થવી, સમય પહેલા વાળ સફેદ થવા, ચહેરા પર કરચલીઓ પડવી આવા અનેક બુઢ્ઢાપાના લક્ષણોથી બચી શકાય અને દીર્ઘ તથા નિરોગી આયુષ્યની પ્રાપ્તિ થાય છે.

● ઉર્જા ચ્યવનપ્રાશમાં તાજા આમળા સહિત ૪૦ શ્રેષ્ઠ અને શુદ્ધ આયુર્વેદિક જડીબુટ્ટીઓનું સંગમ છે તેમજ આયુર્વેદની પ્રાચીન પરંપરાથી, વૈદ્યના માર્ગદર્શનમાં આનું નિર્માણ કરવામાં આવ્યું છે, અને કોઈ પણ પ્રકારની ભેળસેળ આમાં નથી.

● આયુર્વેદ શાસ્ત્રપ્રમાણે ચ્યવનપ્રાશ વાપરવાના સૂચનો : રોજ સવારમાં નાહ્યા પછી ૧-૨ મોટા ચમચા ખાલી પેટે અને ભૂખ લાગેલી હોય ત્યારે લેવું. ચા-દૂધનો વાપર ૧ કલાક પછી જ કરવો.

● કુરિયર દ્વારા ઉપલબ્ધ. સંપર્ક : ડો. જય રીટા ઉદય સાવલા (રામાણીયા) ૯૮૨૦૮૮૭૭૨૯.

● અમારા અન્ય ઉત્પાદન ૧. 'ઉર્જા ગો-કફ'ચાટણ (કફ-શરદી-ખાંસી માટે) ૨. 'ઉર્જા ઈઝી' ગોળીયો (કબજિયાત માટે). ૩. 'એનઉર્જા' (પારિવારિક સ્વાસ્થ્ય ટોનિક).

2/1/1(7) -------- (B-19553)(23-12)

Only Vocals Music Academy

મ્યુઝીક એકેડેમી સાથે, ladies અને બાળકોને ટ્યુન કરો કરાઓકે સિંગિંગ, સદા બહારગીતો, સ્તવન (Stavan), ગુજરાતી, સંસ્કૃત / તમિલ, દેશભક્તિ ગીતો મૂળભૂત અર્ધ કલાસિકલ, સરગમ્સ અને અલંકારસ, મંત્ર અને શ્લોક, શ્વાસ લેવાની તકનીકીઓ, સ્ટેજ તાલીમ મુદ્રિત નોંધો (Printed notes) Fees Only 1000/- pm હેતલ કેનીયા wadala (W) opp Station : 9833040350

2/1/1(14) -------- (B-19844)(1-5)

!! શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ !!
!! સુપરસ્પેશ્યાલીસ્ટ ડેન્ટલ ક્લિનીક !!

શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળમાં મેડીકલ સેન્ટરમાં લાયન્સ ક્લબ ઓફ માંડવી (ઈ.) ડેન્ટલ વિભાગ, જેમાં દાંતને લગતી ટ્રીટમેન્ટ માટે તેમજ ઓર્થોડોન્ટીસ્ટ, પેરોડોન્ટીસ્ટ અને પેડોડોન્ટીસ્ટના સ્પેશ્યાલીસ્ટ ડોક્ટરો આવે છે. તે ઉપરાંત ઈમપ્લાન્ટ પણ કરવામાં આવે છે. એપોઈન્ટમેન્ટ જરૂરી. વધુ વિગત માટે : શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ, શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ સંકુલ, ૩૯૮, તેલંગ રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ-૧૯. ટે.નં. ૨૪૦૨૩૮૭૨/ ૯૯૮૭૦૨૩૮૫૨ / ૯૮૩૩૭૦૩૮૭૨. લિ. ઉપપ્રમુખ-કન્વીનર મેડીકલ કમિટી

1/1/1(1) -------- (A-19797)(4-10)

શ્રી પ્રાગપુર આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ
શિયાળુ જોગનો અમુલ્ય લાભ લઈ લેશો

પ.પૂ.આ.ભ.શ્રી સુરજી સ્વામી અને પ.મ. નીનાબાઈ સ્વામીની અસીમ કૃપાથી આપણને શિયાળુ જોગનો લાભ મળેલ છે. તા. ૧૫-૧૨ના પૂ. દેવેન્દ્રજી સ્વામી, પૂ. હરીલાલજી સ્વામી આદિ ઠાણા બે પધારશે. તા. ૩-૧ સુધી રોકાવવાનાં ભાવ છે. તા. ૨૪-૧૨ થી ૩૧-૧૨ સુધી બાળકોનું જ્ઞાન સત્ર છે. તા. ૩ના પૂ. હેમપ્રભાબાઈ સ્વામી, પૂ. સુશીલાબાઈ સ્વામી ૨, પૂ. ગ્રિષ્માબાઈ સ્વામી, પૂ. દર્શનાબાઈ સ્વામી આદિ ઠાણા ચાર પધારશે. તા. ૧૨-૧ સુધી રોકાવવાનાં ભાવ છે. અનુકુળતા મુજબ સૌ શ્રાવક-શ્રાવિકા તથા નિયાણી બહેનોએ લાભ લેવા વિનંતી. નાતાલ વેકેશનમાં આપના બાળકોને ધર્મના સંસ્કાર તથા સંત સમાગમ મળે એ માટે સાથે લાવી અવશ્ય લાભ લેવા વિનંતી. વધારાનો જોગ પ્રાપ્ત થયેલ છે. તેની સૌએ નોંધ લેવા વિનંતી. તા. ૪-૧૨ના પૂ. હેમપ્રભાબાઈ સ્વામી આદિ ઠાણા ચાર પધારશે. તા. ૧૧-૧૨ સુધી રોકાવવાના ભાવ છે. હંમેશ મુજબ આઠ દિવસ કે તેથી વધારે લાભ લેનારને ટીકીટનાં પૈસા સ્થાનિકે શ્રી હરખચંદભાઈ ગેલડાવાલા પાસેથી રીફંડ મેળવી લેશો. લિ. સંઘપતિના જય જિનેન્દ્ર. જા.ખ.સૌ. એક સદ્ગૃહસ્થ.

4/1/1(48) -------- (A-19948)(1-5)

માધાપર શ્રી જખદાદા મુંબઈમાં ૭૦મી પહેડીના વિવિધ સૌજન્ય દાતાઓનો આભાર (૪)

ધોળે ઘોડે સવારી જખજી, શોભાજો ના પાર, ધોળી ધજાયું લફે મંદિર તે ઘુઘરીએ જો રણકાર. પહેડી વખતે સ્ટેજ ઉપર ઈલેક્ટ્રીકથી ચાલતા ઘોડાઓનાં સૌ. દાતા નાના ભાડીયાના માતૃશ્રી વનિતાબેન પ્રેમજી ભાણજી ગડા હ. અ.સૌ. વર્ષાબેન ભરત ગડા પરીવાર.

● પહેડી વખતે સંઘ પુજન અને સુકી પ્રસાદના સૌ. દાતા નાની ખાખરના સૌ. દાતા અ.સૌ. પ્રભાબેન મણીલાલ કાનજી વીરા હ. અ.સૌ. છાયાબેન સંજય વીરા અને અંજલીબેન નિલેશ વીરા પરીવાર.

● ખ. પત્રિકામાં બારે માસ ટુંકી જા. ખબરના સૌ. દાતા નાની ખાખરના શ્રી મણીલાલ કાનજી વીરા સૌ. દાતાઓનો ખુબ ખુબ આભાર. સર્વેની શ્રી જખ દાદા લીલી વાડી રાખે એ જ પ્રાર્થના.

● રૂા. પંદરસોના કુપન સેન્ટરો રવિ, તા. ૧-૧૨ની ખ.પ. પાના નં. ૪માં છે. કુપન તુરત લઈ લેશો. લિ. મંત્રીઓ. જા.ખ.સૌ. શ્રી મણીલાલ કાનજી વીરા-નાની ખાખર.

4/1/1(47) -------- (A-19949)(1-5)

શ્રી બારોઈ શ્રી સચ્ચા માતાએ નમો નમઃ

શ્રી ભુજપુર, નવીનાર, મુન્દ્રા, બારોઈના શ્રી સચ્ચા માતાને નમતા મોતા નુખના ભાવિક સંઘની સળંગ ૩૩મી સમૂહ પહેડી તા. ૫-૧-૨૦૨૦ સવારના રાખેલ છે. શ્રી સચ્ચા માતા, જખ દાદા, રામદેવપીરને નમતા સર્વ ભાવિકોને હાર્દિક નિમંત્રણ છે. ચલો બુલાવા આયા હૈ સચ્ચા માડીને બુલાયા હૈ. બારોઈ ગામેથી મોરલો આવ્યો પહેડીનો સંદેશો લાવ્યો મોતા નુખ માં જનમ લેનાર સર્વે ભાવિકોની જતન કરનારી તથા આપણા હ્રદય મંદિરમાં સર્વો સ્થાને બિરાજમાન એવી આપણી કુળદેવી શ્રી સચ્ચા માની પહેડી નજીક આવી રહી છે. પહેડીના ભાગ્યશાળી દાતાશ્રી માતુશ્રી વેલબાઈ મોણશી શીવજી મોતા હસ્તે પ્રભાબેન કાંતીલાલ મોતા (કાનો) પરીવારના ચીરંજીવી રૂપલ ચંદ્રેશ, શિવમ દેવાંશી, ધારા જીગ્નેશ, ક્રિશા, અમીષા જીગ્નેશ, કેયાંશ. બહેનોએ બાંધણી સાડી તથા નિયાણી બહેનોને બાંધણી ટાઈપ ડ્રેસ પહેરવો. કાળા વસ્ત્રો પહેરવા નહીં. અસાંજ મેળે નિયાણી ભેણે કે સહકુટુંબ પધારેલા ખાસ ખાસ આમંત્રણ આય. લકી કુપન આપવામાં આવશે. પહેડીનો કાર્યક્રમ સવારના ૭.૩૦ થી ૮.૩૦ નવકારશી માતાજીનું સામૈયું ૮.૩૦ કલાકે માતાજીની સ્થાપના ૯ કલાકે, માતાજીની ભક્તિ ૧૦ કલાકે માતાજીની આરતી અને થાળ ૧૧.૩૦ કલાકે સ્વાદિષ્ટ ભોજનીયા ૧૨.૩૦ કલાકે શુભ સ્થળ : નારાણજી શામજી વાડી, ભાઉદાજી રોડ, કિંગ સર્કલ, માટુંગા. લિ. મોતા નુખના ભાવિક સંઘ વતી : ભુવાશ્રી શાંતીભાઈ મોતા-૯૯૬૭૮૪૧૭૯૨, મનુભાઈ મોતા-૯૮૨૦૮૫૨૬૬૮, હરીશભાઈ પ્રેમચંદ મોતા-૯૮૨૦૨૪૩૬૨૮, શાંતીભાઈ નાનજી મોતા-૯૪૨૬૧૨૫૪૭૫, ભાવેશ લક્ષ્મીચંદ મોતા-૯૮૨૧૦૩૬૨૯૯ના જય માતાજી. તા.ક. : આમંત્રીત મહેમાનોને સમયસર પધારવા વિનંતી.

4/1/1(32) -------- (A-19917)(1-5)

ડોંબીવલી મિત્ર મંડળ, સુવર્ણ જયંતી
શિક્ષણ સંસ્થાન, નર્સરીથી કોમર્સ કોલેજ

'નો ડોનેશન' ૪૦૦૦ વિદ્યાર્થી જંગલમાં મંગલ

● ડોંબીવલી મિત્ર મંડળના શાંતિ ગડા, પોપટલાલ મારૂ, પ્રિ. લીલાબેન, ટ્રસ્ટી મેઘજીભાઈ વીરાને વર્ષોથી પરિચિત.

● શિક્ષણમાં ડોંબીવલીના તેજસ્વી તારલાઓ

● કર્નલ ઝંખના, મંજુલા ડો. ચંદ્રેશ પાસડ (૧) ઝંખના (દેઢીઆ) એ ધસમસતી ખાડીથી ગેટ વે ઓફ ઈન્ડીયાનું ૨૨ કિ.મી.નું અંતર દરીયાના મોજામાં ૧૦ કલાકમાં પાર કર્યું. (૨) શિક્ષણમાં B.E. (મીકે.) માં કોલેજમાં બીજા (૩) પ્રવેશ પરીક્ષા દ્વારા લશ્કરમાં પ્રવેશ મેળવ્યો. (૪) સીરીયા યુધ્ધમાં યુનોના શાંતિ સેનામાં રહ્યા.

● Ph.D કાદંબરી ઉષા પરેશ છેડા (ના. ખાખર) (૧) કાદંબરી બેડમીન્ટનમાં જુનીઅરમાં રાષ્ટ્રીય વિજેતા થયા. મુંબઈ યુની.માં વિજેતા થયા. (૨) ફાઈનાન્સમાં Ph.D કર્યું.

● Ph.D કેતન કમળા ડુંગરશી સાવલા. (૧) N.T.S.E., IIT, M.S., Ph.D. (U.S.A.) (૨) ટેકનોલોજી વિશ્વમાં શ્રેષ્ઠ MIT માં પ્રોફેસર થયા.

● Ph.D પ્રિ. લેખા વિસરીઆ (કુંદરોડી) વીરા હાઈસ્કુલમાં પ્રિન્સીપાલ દરમ્યાન મુંબઈ યુનીવર્સીટીમાં Ph.D. કર્યું.

● અંકિતા આરાધના જીતેન પાસડ (ભોજાય) (૧) સ્પોર્ટસ સાથે ધો. ૧૦માં ૧૦૦% મેળવી ગુજરાતી મીડ ડે માં ૧લા પાને ચમક્યાં. (૨) IIT (મુંબઈ) માં M.Tech કર્યું. (૩) ચિકાગોની હોયટો યુની. માં Ph.D માટે આમંત્રીત થયા.

● સ્મૃતિદોષ, કર્ણદોષ, પ્રજ્ઞાદોષ માટે ક્ષમ્ય ગણશો.

● લિ. પ્રવિણ વેલજી શાહ (નરેડી/મુલુંડ/અમેરીકા)

1/1/1(45) -------- (B-19939)(1-5)

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

કુર્લા સેવા સમાજ શાહી અડદીયા પાક
સ્પે. ગુંદર પાક. રોસ્ટેડ ડ્રાયફ્રુટ ખજુર પાક

આપ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છો. એવા કુર્લા સેવા સમાજના શુધ્ધ ઘી અને ગરમ વસાણાથી ભરપુર ડ્રાયફ્રુટ કેસર યુક્ત અડદિયા પાક ૧ કિલો ભાવ રૂા. ૪૦૦/- પેકિંગ ૧ કિલો સ્પે. ગુંદરપાક કેસર યુક્ત ૧ કિલોનો ભાવ રૂા. ૪૦૦/- પેકિંગ ૫૦૦ ગ્રામ સ્પે. રોસ્ટેડ ડ્રાયફ્રુટ ખજુર પાક ૧ કિલોના ભાવ રૂા. ૭૦૦/- પેકિંગ ૫૦૦ ગ્રામ ત્રણે વસ્તુ પ્લાસ્ટીક ડબ્બા પેકિંગમાં મળશે. ડિલેવરી. ૫-૧૨-૨૦૧૯ ગુરૂવાર સવારના ૧૦.૦૦ કલાકે વેચાણ ચાલુ થશે. વહેલા તે પહેલા ધોરણે ડિલેવરી કરવામાં આવશે. નોંધ : કુર્લાના મેમ્બરો ભાઈઓ માટે સવારના ૯ કલાકે ડિલેવરી આપવામાં આવશે. પૈસા હિસાબ કરી છુટા લાવવા. સાથે થેલી લાવવા વિનંતી. મેમ્બરો માટે અલગ લાઈન રાખવામાં આવશે. આ લાઈનમાં લાભ લેવા શ્રી કુરલા કચ્છી વીશા ઓસવાળ જૈન સેવા સમાજ કુરલા- મેડીકલ / વિવિધ લક્ષ્મી કાર્ડ લાવવું જરૂરી છે. હજી પણ જેમણે મેડિકલ / વિવિધ લક્ષ્મી કાર્ડ નથી બનાવેલ. તે તા. ૪/૧૨/૧૯ બુધવાર અને ૫/૧૨/૧૯ ગુરૂવારના દિવસે. કાર્ડ બનાવી આપવામાં આવશે. એજ લિ. મા. મંત્રીશ્રી નિલેશ રવજી દેઢીયા, વિજય શામજી શાહ.

2/1/1(70) -------- **(A-19985)(1-5)**

શ્રી છસરા જખ્ખદેવ-વિશલમાતાજી સ્થાન

કચ્છ-કંઠી-વાગડ-અબડાસા-હાલારના ગાલા ભાવિકોનું તીર્થધામ

● શ્રી છસરા જખ્ખદેવ તથા વિશલમાતાજીના સ્થાને નમતા ગાલા ભાવિકો તથા સહભાવિકોને સહર્ષ જણાવવાનું કે છસરા સ્થાનિકે ચૈત્ર સુદ પુનમ સં. ૨૦૭૬ તા. ૮-૪-૨૦૨૦ ને બુધવારે સવારે ૧૧.૦૦ વાગે પહેડી પ્રસાદ ચડાવવામાં આવશે. તો આ પ્રસંગે સર્વે ભાવિકો તથા સહભાવિકો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા આમંત્રણ આપીએ છીએ.

● આ વર્ષની પહેડીના દાતા શ્રી વિશલ માતા ભાવિક પગપાળા મંડળ ગામ ભચાઉ તરફથી પહેડી ચઢાવવામાં આવશે.

● ટ્રેનની ટિકીટો ચાર મહિના પહેલા નીકળતી હોવાથી આ મહિને ટિકીટો વહેલાસર કઢાવી લેવા વિનંતી.

● અગત્યની નોંધ : ચૈત્ર સુદ પુનમ સંવત ૨૦૭૫, તા. ૧૯-૪-૧૯ને દિવસે મળેલ માતાજીના આદેશ પ્રમાણે ગાલા નુખના ભાવિકોની કુળની સંસ્કાર વિધીઓમાં ફેરફાર થયેલ છે. જેની નવી વિધીઓની બુક છપાવીને આવી ગઈ છે. તો જૂની બુક પાછી આપી તેની સામે નવી બુક સ્થાનિકેથી લેવા સર્વે ભાવિકોને વિનંતી.

● સ્થાનિકે માતાજીના મળેલ આદેશ પ્રમાણે વાર્ષિક જુવાર ચૈત્ર સુદ-૧૩ અને ૧૪ તથા દિવાળીને દિવસે તથા કારતક સુદ-૧૩ અને ૧૪ને દિવસે ચઢાવવાનું નક્કી કરેલ છે.

● લિ. શ્રી છસરા જખ્ખદેવ-વિશલ માતાજી ભાવિક મંડળના જય માતાજી.

2/1/1(55) -------- **(A-19959)(2-8)**

રિધ્ધી સિધ્ધી ગોલ્ડ – મુલુંડ
સુવર્ણ – ડાયમંડ અલંકારોનો સ્ટુડીયો

ઈન્વેસ્ટમેન્ટ માટે શ્રેષ્ઠ માધ્યમ એટલે સુવર્ણ-ડાયમંડના અલંકારોની ખરીદી. સુવર્ણ હીરાના લાઈટ/હેવી વેઈટના હાફસેટ, ફુલસેટ, પેન્ડન્ટ, કડા, બંગડી, વીટી, એરીંગ્સની વિશાળ વેરાયટી. વ્યાજબી ભાવ સાથેનું વિશ્વસનીય સ્થળ. ગ્રાહકોનો સંતોષ એજ અમારો મુદ્રાલેખ. ૯૧૬ હોલમાર્ક સુવર્ણ અલકારો, સર્ટીફાઈડ ડાયમંડ અલંકારો ખરીદવા એક વખત પધારી ખાત્રી કરી જુઓ.

● કીર્તીમહલ હોટેલની સામે, એમ.જી.રોડ, મુલુંડ (વે.), મું. ૮૦. ગુરૂવાર બંધ. ફોન : ૨૫૬૧૭૭૯૯ / ૨૫૬૨૭૭૯૯. રાજેશ જયંતીલાલ સાવલા, ધવલ રાજેશ સાવલા (કોડાય).

1/1/1(22) -------- **(B-19889)(10-6)**

શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન, મુંબઈ
શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન, મુંબઈ

પ્રસ્તુત કરે છે

For online Registration Log on www.kvosports.org

છેલ્લો દિવસ

રજીસ્ટ્રેશનનો આજે છેલ્લો દિવસ...

: મુખ્ય દાતા :
માતુશ્રી નિર્મળાબેન ઊમરશી લધાભાઇ ગંગર પરિવાર (નાગલપુર-માટુંગા)

T-shirt Sponsor elleys' electric
Goodies Sponsor MARU M. P. MARU
Medal Sponsor COLO COLO COLOR
Photo Moments & Gifts Sponsor Red Moments
Venue Sponsor VIRA GROUP VIRA REALTY INDIA PVT. LTD. JASH NITA PRAFUL VIRA - LAYJA
Managed by RISERS COMMITTED TO FITNESS

વિશિષ્ટ આકર્ષણો
✓ Biggest Marathon Event in KVO Jain Community with fully digitised race.
✓ Finisher Medal, T-Shirt to every participant in 5 km,10 km and 21 km
✓ દોડવીરોના આકર્ષક જીવંત (લાઈવ) ફોટોગ્રાફ આપણી વેબસાઈટ પર જોવાની અમુલ્ય તક
✓ દરેક વયજુથના દોડવીરોને પોતાની કાબેલિયત પૂરવાર કરવાનો ખેલદિલીભર્યો મોકો
✓ ફ્રીમ રનમાં ભાગ લેનાર ગ્રુપ, સંસ્થાઓ, મંડળો દ્વારા સામાજીક સંદેશ આપવાની અમુલ્ય તક
✓ દિવ્યાંગોને સમગ્ર સમાજ સાથે એકરૂપ થઇ સાથ-સહયોગ મેળવવાની પ્રેરણાત્મક તક...
✓ Online Participant Certificate to every participant in 5km, 10km and 21km
✓ લતાવાર મંડળો/ સંસ્થાઓને બન્ને મહાજનોની પ્રવૃત્તિઓને ટેકો આપવા માટેનો સવિશેષ મોકો...
✓ More than 100 prizes to be won. Prizes for Top 3 winners in all participation categories
✓ 1 km Dream Run Open for all with Fancy Dress Competition promoting a social Cause
✓ Refreshment for every participant

૫૨-૪૨ ગામના મહાજનોના રમતવારી માટે તક
રમતગતમ ક્ષેત્રે કચ્છી સમાજમાં મોટી ક્રાંતિ આવેલ છે
અને એમાં ૫૨-૪૨ ગામના મહાજનોનો સિંહફાળો છે.
આવા ખેલકૂદ માટે અગ્રેસર રહેનાર ગામના મહાજનોને આહવાન.
જે ગામના દોડવીરોનું વધારે રજીસ્ટ્રેશન આવશે.
તે વસ્તી પ્રમાણે નાના અને મોટા ગામના મહાજનોને
પ્રોત્સાહનરૂપે 3 + 3 ઈનામ આપવામાં આવશે.

PARTICIPATION CATEGORIES

Dream Run	Competitive Run			Differently abled
1 km	5 km	10 km	21 km	0.5 km
Online : Rs. 200/-	Rs. 500/-	Rs. 600/-	Rs. 700/-	(Free)
	Rs. 600/-	Rs. 700/-	Rs. 800/-	

નિરાશાથી બચવા આજે જ રજીસ્ટ્રેશન કરાવો...

Sanjay Gosar - 9870413141, Tushar Gala - 9223208699

ચાલીસગામમાં આ. મહોદયસાગરસૂરિજીનું ભવ્ય સામૈયું, પ્રવચન, દીક્ષા અંગે માર્ગદર્શન

અચલગચ્છ શણગાર સૂરિ ભગવંતોની દિવ્ય કૃપા, તારક આજ્ઞા, શુભાશિષોથી આગમ દિવાકર, પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા., મુનિરાજ શ્રી ધર્મરત્ન-જ્ઞાનરત્નસાગરજી ઠા.૩ માલેગામમાં ૪ દિવસ સુંદર શાસન પ્રભાવના કરી રસ્તામાં સ્કુલ તથા સ્થાનકમાં પ્રવચન આપતા આપતાં તા. ૩૦/૧૧ના ૧૧૨ વર્ષ પ્રાચીન, શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ચાલીસગામ સંચાલિત, શ્રી પદ્મપ્રભસ્વામીજીના ભવ્ય જિનાલયથી શોભતા ચાલીસગામ નગરે પધાર્યા હતા.

● લગભગ ૩૮ વર્ષો પૂર્વે શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ચાલીસગામમાં પધરામણી બાદ અચલગચ્છીય આચાર્ય ભગવંતની પધરામણી થતાં અત્રે વસતા ક.દ.ઓ. જ્ઞાતિના પચીસેક પરિવારો સહિત સકલ શ્રી સંઘમાં અનેરો હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો. ૨૫ માણસોના વિશાળ બેન્ડવાજા સહિત પૂજ્યોનું ભવ્ય સામૈયું શણગારેલા બેડાઓ સહિત કરવામાં આવ્યું હતું. સમૂહ ચૈત્યવંદન બાદ

● ઉપરોક્ત અચલગચ્છાધિપતિશ્રી દ્વારા વિરચિત શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાનના સ્તવનની પ્રથમ કડીના આધારે પ.પૂ.આ.ભ. શ્રીએ રોચક પ્રવચન આપ્યું હતું અને અંતે ત્રણે લોકના સર્વે જીવોના કલ્યાણ મંગલ અને મોક્ષની પ્રાર્થના પૂર્વક રોજ સવાર-સાંજ ત્રણે લોકમાં ૧-૧ નવકારની ઉર્જા મોકલવાની પ્રસાદી આપી હતી. જેનો સહુ શ્રોતાઓએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.

● પ્રવચન બાદ તા. ૧ ફેબ્રુ. ના અત્રે પૂજ્યશ્રીના વરદ હસ્તે થનાર કુ. મોનીકાબેન મહેન્દ્રભાઈ લોડાયા (તેરા / રાયપુર)ની દીક્ષા વિધિના આયોજન અંગે યથોચિત માર્ગદર્શન આપ્યું હતું તથા અનેક ભાવિકોની વિનંતીથી એમના ઘરે પગલા કર્યા હતા.

● તા. ૫/૧૨ના પૂજ્યશ્રી પારોલા તીર્થમાં પધારશે. ત્યાં ઉપરોક્ત દીક્ષાની આમંત્રણ પત્રિકાઓ ઉપર કંકુ છાંટણા માટે દીક્ષાર્થીના માતા-પિતા સહિત ચાલીસગામ સંઘ પધારશે. તથા તે જ દિવસે કોટડી (મહા.)ના ૪૦ જણાનો સંઘ પણ બલસાણા તીર્થે જતાં પહેલા પૂજ્યોનાં દર્શન-વંદનાર્થે પારોલા પધારશે. લી. શ્રી ચાલીસગામ અચ. જૈન સંઘ.

2/1/1(4) -------- **(A-19893)(2-12)**

યુવક-યુવતી માટે સોનેરી તક

અનાજ, ડ્રાયફ્રુટ, સ્ટેશનરીના રીટેલ અથવા હોલસેલ દુકાન માટે અનુભવ ધરાવનાર જે યુવક-યુવતીને ધંધાકીય ક્ષેત્રે આગળ વધવાની ભાવના હોય એ વ્યક્તિ માટે ઉત્તમ તક... ઉંમર મર્યાદા : ૨૫ થી ૪૫ વર્ષ ખાતરી આપવી જરૂરી. મળવાનો સમય : બુધવાર, તા. ૦૪-૧૨-૨૦૧૯ના રોજ બપોરે ૨.૦૦ થી ૫.૦૦માં ફોન કરી રૂબરૂ મળો. સંપર્ક : હિતેશ પી. શાહ : ૮૮૫૦૬૭૦૧૮૦, રાજેશ બી. શાહ : ૯૬૫૩૧૮૨૩૮૬

2/1/1(68) -------- **(B-19980)(1-5)**

જીવદયા અનુદાન

શ્રી ગઢશીશા પાંજરાપોળ : સ્થાનિકે આવેલ રોકડાનું દાન દાતાશ્રીઓની અનુમોદના

(૧) ૭૦૦૦/- શ્રી નાગલપુર જીવદયા કેન્દ્ર (ગૌશાળા પાંજરાપોળ) હ. નાગજી જીવરામ રાજગોર-નાગલપર (૨) ૫૫૫૧/- સ્વ.મેઘજીભાઈ શીવદાસ જબુઆણીના સ્મરણાર્થે હ. દિકરી શાંતાબેન નારાણ ચોપડા મોમાયમોરા (૩) ૪૦૦૦/- કલ્યાણજી દેવજી ભંડેરી હ. વિનોદગર ગોસ્વામી ગઢશીશા (૪) ૩૦૦૦/- જેઠાલાલ ભવાનજી ગાલા હ. નિર્મલાબેન સાભરાઈ (૫) ૧૫૦૦/- પ્રેમજી રત્નાદેવશી હીરાણી આસંબીયા (૬) ૧૧૦૦/- શ્રી રાભ ભરોસે-ગઢશીશા (૭) ૧૦૦૦/-કરસન હીરાભાઈ સંગાર-શેરડી. ઉપરોક્ત દાતાશ્રીઓએ અબોલ જીવોને અભયદાન આપવા બદલ દાતાશ્રીઓની ભુરી ભુરી અનુમોદના સહ આભાર. લિ. ટ્રસ્ટીઓ : શ્રી ગઢશીશા પાંજરાપોળ. મો. ૭૬૬૬૧૨૨૨૧૮.

4/1/1(33-P) -------- **(A-19857)(1-5)**

'જીવદયા દાતાશ્રીઓનો આભાર'
શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ - ચીંચબંદર

શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક ચીંચબંદર મું. ૯. ટે.નં. ૨૩૭૨૩૩૫૭ જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે જે માટે રૂા. ૧૦૦૧/- શા. ધીરજ લખમશી ગોસર- માપર-કાલીના દેહ અવસાન નીમીત્તે, રૂા. ૫૦૦/- શાંતીલાલ ચાંપશી ગાલા ફરાદીવાલા જુબા ન્યુ વાગડવાલા પેપર બેગ કું. ભાતબજાર, જુ.બા. ૪ મનોજકુમાર કાન્તીલાલ જુ.બા.૨ રાજ જન સ્ટોર મું. સેન્ટ્રલ જુ.બા. ૨ રામલગનગુપ્તા ઘાટકોપર, જુ.બા. ૨ શાન્તીલાલ દામજી ગાલા જુ.બા. ૧ ઝવેરબેન ગાંગજી ગડા-ગુંદાલા, જુ.બા.૧ કેસરબેન મગનલાલ સતરા-જુ.બા. ૧ ભાવેશ અરવિંદ ભેદા સુરત જુ.બા. ૧ યશ એન્ટર પ્રાઈઝ-કુર્લા, જુ.બા. ૧ અરવિંદ કોરશી મોતા ચીરાબજાર. શ્રી સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. એજ લી. માનદ્ મંત્રીઓ.

2/1/1(19) -------- **(A-19891)(1-5)**

'જીવદયા દાતાશ્રીઓનો આભાર'
શ્રી વર્ધ સ્થા. જૈન સંઘ ચીંચબંદર

શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક ચીંચબંદર, મું.૯. ટે.નં. ૨૩૭૨૩૩૫૭ જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે. જે માટે જુ.બા. ૧ નીલેશ રવજી સંગોઈ બેરાજા જુ.બા. ૧ મિલન સ્ટોર પરેલ, જુ.બા. ૧ શક્તિસ્ટોર દારૂખાના જુ.બા. ૧ વિધિ પરેશ સતરા-જુબા.૧ પૂર્ણિમા પરેશ સતરા- મુલુંડ, જુ.બા. ૧ મગનલાલ મોણશી સતરા-ગુંદાલા, જુ.બા. ૧ મમતા પ્રફુલ સતરા, જુ.બા. ૧ કેશવજી હીરજી ગોગરી-પત્રી, જુ.બા.૧ લબ્ધિ વિવેક સંગોઈ-ઘાટકોપર, જુ.બા. ૧ ગ્રીષ્મા રાજેશ છેડા-ઘાટકોપર, જુ.બા. ૧ વત્સલ કુશલ જીગ્નેશ કુરિયા, જુ.બા. ૨ દામજી ઉમરશી ધરોડ-લુણી શ્રી સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. લી. માનદ્ મંત્રીઓ.

2/1/1(18) -------- **(A-19890)(1-5)**

કચ્છની કાળી ખજુર, ગોબીટ, ગુંદર પાક, અડદીયાપાક, ગુલાબ પાક, ચીક્કી, લીલવા કચોરી

કચ્છના પ્રખ્યાત અંજના સ્પે. પેંડા, ગુંદરપાક, અડદીયા પાક, ગુલાબપાક, પ્યોર ઘીના મીની સાટા, ગોબીટ, કચ્છની કાળી ખજુર, લીલવા કચોરી, કચ્છના અથાણા, કચ્છના ખાખરા અને નીતનવી ફરસાણ દરરોજ તાજી મળશે. સં. જીયા ગૃહ ઉદ્યોગ, કરનસ લઘુ નિસર હોલની સામે, દાદર (વે.) મો. 9819472479, 9323472479, 8080472479.

4/1/1(54) -------- **(B-19958)(1-5)**

શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, કચ્છ-માંડવી (પ્રેરક : મુનીશ્રી શુભવિજયજી)

૩૫૦૦/- પ્રજાપતિ સંદિપ અરવિંદભાઈ-ઓરાણા, ૧૦૦૦૦/- સુમતિબેન સુરજમલજી-ખપોલી, ૨૦૦૦/- વિજય સતીશ ત્રીવેદી-અમદાવાદ, ૭૫૦૦/- વિણા ધીરેન ગાલા-ગોધરા (મિષ્ઠાન જમણ કરાવેલ છે) ૫૦૦/- મહેન્દ્ર સોજપાલ છેડા-કાંડાગરા, ૫૦૦૦/- ગાંગબાઈ ગાંગજી શાહના સ્મ-કોડાય, ૯૮૦૦/- મણીલાલ ભીમશી ગડા-સામખીયારી, ૯૦૦૦/- ખુશાલચંદ લખમશી ગાલા-મોટી ઉનડોઠ, ૮૩૮૦/- ઉમરશી લઘા ગંગર-નાગલપુર (મિષ્ઠાન જમણ કરાવેલ છે). દાતાઓનો આભાર. લિ. પ્રમુખશ્રી મંત્રીઓ ટે. 24712835 / 24111105

2/1/1(43) -------- **(A-19931)(1-5)**

શ્રી ગઢસીસા પાંજરાપોળ સ્થાનિકે આવેલ ઘાસચારાનું દાન દાતાશ્રીઓની અનુમોદના

(૧૫) હિતેશ અજરણ વકેરીયા હ. રામજી કેસરા પીયાવા ભૂ.પાન ૧૧૭ મણ (૧૬) રામબાઈ કાનજી લાલજી રાબડીયા તથા કાનજી લાલજી રાબડીયા માંડવી- ભૂ.પાન ૧૧૧ મણ (૧૭) વિશ્રામભાઈ કરસન રામણીયા હ. પરબતભાઈ રામાણીયા ગઢસીસા ભૂપાન ૨૩ મણ (૧૮) માં કાંતાબેન રતનશી ભગત હ. જયંતીભાઈ ભગત ગઢસીસા ભૂ.પાન ૨૩ મણ (૧૯) ઈશાકભાઈ ખીમરા જત. નારાણપર ભૂ.પાન ૨૨ મણ (૨૦) શાંતીલાલ રવજી વાંડિયા રાજપર ભૂ.પાન ૧૨ મણ (૨૧) મા ઝવેરબેન રતનશી નાગડા હ. રાહુલભાઈ નાગડા ગઢસીસા ગોળ ૧૦ કિલો. ઉપરોક્ત દાતાશ્રીઓએ ઘાસચારાનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લિ. ટ્રસ્ટીઓ શ્રી ગઢસીસા પાંજરાપોળ મો.: ૭૬૬૬૧૨૨૨૧૮.

2/1/1(39) -------- **(A-19937)(1-5)**

શ્રી રતાડીયા (ગણેશ) ગૌશાળા પાંજરાપોળ ૨૧૩, નરશી નાથા સ્ટ્રીટ ૯૩૨૬૧૧૪૦૨૨

દાન આપીને મહાનતા મેળવો.

● ૨૫૦૦/- સંજયભાઈ દામજી લખમશી (રતાડીયા ગ.) (માતાજીના જુવાર નિમિત્તે), ૧૨૦૦/- રમેશભાઈ એ. દોશી (મુંબઈ), ૧૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ શાંતાક્રુઝ (વે.), ૫૦૧/- શ્રીચેકનાકા વાઘલે એસ્ટેટ વર્ધમાન સ્થાનકવાશી જૈન શ્રાવક સંઘ (થાણા), ૫૦૦/- કેયુર કીર્તી દેઢીયા (મીરા રોડ) પત્રી. સંસ્થા દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર માને છે. લિ. મંત્રીઓ. સૌ. દેઢીયા જ્વેલર્સ માટુંગા (સે.રે.)

4/1/1(66) -------- **(A-19970)(1-5)**

શ્રી કચ્છ બિદડા વિ.ઓ. જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા

બિદડામાં તા. ૭/૧૧/૧૯ના શ્રી મણીલાલ માવજી પટેલ (કુરિયા) પરિવાર તરફથી આયોજીત ડાયરામાં જાહેર થયેલ અનુદાન.

● ૨૧૦૦૦/- સુજય પોલીપ્લાસ્ટ-ઘાટકોપર

● ૨૧૦૦૦/- પૂર્ણિમાબેન વસંતલાલ છેડા

● ૨૧૦૦૦/- શ્રી રાહુલ કન્સ્ટ્રકશન - વાપી

● ૧૧૦૦૦/- શ્રી અનીલગિરિ મહાદેવગિરી ગોસ્વામી-બિદડા

● ૧૧૦૦૦/- સુરેખાબેન ભરતભાઈ દેઢિયા-ભુજપુર.

● લાભાર્થી પરિવાર તથા જીવદયા પ્રેમી પરિવારોનો અનુમોદના સહ આભાર. દીનેશ દેઢિયા : 9833660255

2/1/1(5) -------- **(A-19933)(2-12)**

શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે દાન માટે સંપર્ક : ૨૫૦૧૩૪૩૭

૧૦૦૦૦૦ જીવદયા પરીવાર મસ્જદ બંદર.

● ૨૫૦૦૦ પરમ પુજ્ય ધર્મપ્રભાશ્રીજી મહારાજ સાહેબની પ્રેરણાથી હ. ધનગૌરીબેન ચીમનલાલ શાહ સુરત અંધેરી.

● ૫૦૦૧ શ્રી વિશલ માતાજી ગાલા ધનાણી. અશોક જાદવજી ગાલાની ૩-૧૨-૧૯ના ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે જીવદયામાં હ. ભારતીબેન અશોક ગાલા તથા અંકિતા અમિત ગાલા -રેનબો સ્ટોર્સ ભુજપુર-ભાંડુપ.

● ૫૦૦૦/- શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મુર્તિપૂજક સંઘ ગોરેગામ વેસ્ટ, ૩૨૦૦/- સમસ્ત શિવ દર્શન ગણેશોત્સવ મંડળ-કાંદીવલી હ. ચીમનલાલ આર. દેઢીયા-ભુજપુર-કાંદીવલી. સંસ્થા જીવદયાપ્રેમી પરીવારોનો આભાર માને છે. સંસ્થાને મળતું દાન ૮૦-જી મુજબ કરમુક્ત છે. લિ. મંત્રીઓ. દાન માટે વિશા બ્રધર્સ-ઘાટકોપર-૨૫૧૩૧૨૦૪.

4/1/1(57) -------- **(A-19963)(1-5)**

શ્રી કોડાય આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ

પ.પૂ. આચાર્ય શ્રી સુરજી સ્વામી, યુવાચાર્ય શ્રી મુલચંદજી સ્વામી અને પ્રવર્તિની મહાસતી શ્રી નીનાબાઈ સ્વામીની અસીમ કૃપાથી આપણા ગામને તા. ૨૦-૨-૨૦ થી ૨૯-૨-૨૦ સુધી મ.સ. તારાબાઈ સ્વામી (૨) આદિ ઠાણા ૩ અને ત્યારબાદ તા. ૧-૩-૨૦ થી ૨૦-૩-૨૦ સુધી પુજ્ય યુવાચાર્ય શ્રી મુલચંદજી સ્વામી આદિ ઠાણા ૩નો સળંગ ૧ મહીનાનો જોગ મળેલ છે. આ અમુલ્ય જોગને દિપાવવા શ્રાવક-શ્રાવિકા અને નિયાણી બહેનોને લાભ લેવા નમ્ર વિનંતી. લિ. સંઘપતિ શ્રી સુરેશ વિશનજી ગાલા-૯૮૨૦૯૬૬૦૪૦.

4/1/1(12) -------- **(A-19851)(1-5)**

શ્રી મુલુંડ આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ બહેનો માટે 'સામાયિક'ની સરળ સમજણ

બહેનો માટે દર બુધવારે બપોરના ૩ થી ૪ સામાયિકની સરળ ભાષામાં સમજણ આપવામાં આવશે. બુધવાર તા. ૪-૧૨-૧૯ના પ્રથમ પાઠ નમસ્કાર સુત્રથી શરૂઆત કરવામાં આવશે. શ્રાવિકા બહેનોએ બહોળી સંખ્યામાં લાભ લેવા વિનંતી. સ્થળ : બ્લોક નંબર ૧૦૩, ૧લે માળે, સાઈ કૃપા બિલ્ડીંગ, નવઘર રોડ, અલ્હાબાદ બેંકની બાજુમાં, મુલુંડ (ઈસ્ટ). પુછપરછ માટે સંપર્ક : નીનાબેન સતરા-૯૩૨૧૧૩૮૦૯૦. લિ. સંઘપતિ.

4/1/1(1) -------- **(A-19819)(1-5)**

(JYF) જૈન યુથ ફોરમ
સ્વકલ્યાણ થી સર્વકલ્યાણ

આજે એક બાલદીથી વધારે પાણીમાં નહાવું નહીં. (અપકાયના જીવોની રક્ષા માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● JYF અમૃત જીતેન્દ્ર પાસડ (ભોજાય) ૯૫૯૪૪૦૧૪૨૯.

● JYF સાથે કનેક્ટ થવા તમારા વોટ્સએપ નંબરથી ૯૩૭૨૯૭૬૬૬૫ ઉપર JYF કરી મેસેજ કરો.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા).

2/1/1(29) -------- **(A-19908)(2-1)**

કલ્યાણ માટે જોઈએ છે
ડાટા એન્ટ્રી ઓપરેટર

મેલ/ફીમેલ (વય ૨૦ થી ૩૫ વર્ષ).

● સવારે ૯.૦૦ થી સાંજે ૭.૩૦ સુધી.

● email : hr@hiragroup.in

● Contact : Hemant Dedhia - 9324962105.

4/1/1(44) -------- **(B-19940)(1-5)**

શ્રદ્ધાંજલી

અ.સૌ. ઉર્મીલાબેન શૈલેષ ધરોડ (પત્રી)નો મધ્યાહને સૂર્ય અસ્ત થયો....શ્રધ્ધા સુમન

શ્રી પત્રી મિત્ર મંડળ - ડોંબીવલીના સક્રિય કાર્યકર, પદાધિકારી શ્રી શૈલેષભાઈ રાઘવજી ધરોડના ધર્મપત્ની. અ.સૌ. ઉર્મીલાબેનના દુઃખદ અવસાનથી અમો શોકની લાગણી અનુભવીએ છીએ. શાંત, સરળ સ્વભાવ અને લાગણીશીલ તથા સહનશીલતાનો ગુણ ધરાવનાર સદ્ગત ઉર્મીલાબેનના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે અને એમના પરીવાર ઉપર આવી પડેલ દુઃખના પળો જીલવાની શક્તિ આપે અને સદ્ગતશ્રી વહેલી તકે મોક્ષગામી બને એ જ પરમાત્મા પાસે પ્રાર્થના સહ ભાવભીની શ્રધ્ધાંજલી. લિ. શ્રી પત્રી મિત્ર મંડળ-ડોંબીવલી.

4/1/1(65) -------- **(A-19971)(1-5)**

શ્રી કચ્છ ચીઆસર નગરે આદિનાથ જિનાલયની પદમી વર્ષગાંઠ

શ્રી આદિનાથ જિનાલયની ૫૬મી વર્ષગાંઠ પ્રસંગે મુખ્ય ધ્વજાનો તથા સંપૂર્ણ કાર્યક્રમનો ઉત્સાહભેર લાભ લેનાર લાભાર્થી માતુશ્રી પ્રેમીલાબેન જીવરાજ ધનજી મારૂ પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના... ખાસ નોંધ :

● રંગમંડપની ધ્વજાનો નકરો : રૂા. ૮,૮૮૮/-
● ઉત્તર દિશાની ધ્વજાનો નકરો રૂા. ૬,૬૬૬/-
● દક્ષીણ દિશાની ધ્વજાનો નકરો રૂા. ૬,૬૬૬/-
● પૂર્વ દિશાની ધ્વજાનો નકરો રૂા. ૬,૬૬૬/-
● ગૌમુખ યક્ષની ધ્વજાનો નકરો : રૂા. ૬,૬૬૬/-
● યક્ષીણીની ધ્વજાનો રૂા. ૬,૬૬૬/-
● અઢાર અભિષેકમાં એક અભિષેકનો નકરો : રૂા. ૨,૫૨૫/- (નવ નામ લેવામાં આવશે.) જે પુણ્યશાળી પરિવારને ઉપરોક્ત નકરામાં લાભ લેવો હોય તેમણે ગીતા ગોસર : ૯૮૨૦૧૭૯૯૦૨ પર સંપર્ક કરવા વિનંતી. લાભાર્થી પરિવારના નામો વહેલા તે પહેલાનાં ધોરણે લેવામાં આવશે. લી. શ્રી કચ્છ ચીઆસર જૈન મહાજન.

2/1/1(61) -------- **(A-19975)(1-5)**

શ્રી છસરા આઠ કોટી મોટી પક્ષ જૈન સંઘ
શ્રી છસરા સકળ જૈન સંઘ

જય જિનેન્દ્ર. શ્રી છસરા આઠ કોટી મોટી પક્ષ જૈન સંઘ સંચાલિત વિવિધલક્ષી સંકુલના બાંધકામનું પાયાનું ખાત મુહુર્ત સંવત ૨૦૭૬ માગસર સુદ ૧૦ શુક્રવારે તારીખ ૬-૧૨-૨૦૧૯ના બપોરે ૧૨.૩૯ વાગે રાખવામાં આવેલ છે.

● સૌ ધર્મ આરાધકોએ આ શુભ પ્રસંગે છસરા સ્થાનિકે પધારો...પધારો...

● સ્થાનિકે છસરા પહોંચ્યા પછી રહેવાની તથા જમવાની સગવડ એક દિવસ માટે સંઘ દ્વારા કરવામાં આવશે. તો જે પણ ધર્મ આરાધકો સ્થાનિકે છસરા આવવાના હોય એમને પોતાનું નામ અમારા સંઘના કાર્યકરો પાસે લખાવવા વિનંતી.

● ખાત-મુહુર્તમાં પાયાની અંદર ધનકુબેર ભંડોળ ભરવાનું જેમ કે પંચરત્ન, સોના, ચાંદી, હીરા, માણેક, મોતી વગેરે નાખવા માટે જે ભાગ્યશાળીની ઈચ્છા હોય એ આપેલા કાર્યકરના નંબર ઉપર સંપર્ક કરી આપી શકે છે અને એના પુણ્યનો ઉત્તમ લાભ લઈ શકે છે. જેની નોંધ લેવા વિનંતી. પુછપરછ માટે સંપર્ક : દિલીપ ગાલા-૯૮૨૦૩૫૯૯૨૭, નિપુલ ગંગર-૭૭૦૯૯૨૯૯૧૧. લિ. શ્રી છસરા આઠ કોટી મોટી પક્ષ જૈન સંઘ.

4/1/1(52) -------- **(A-19942)(1-5)**

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન–મુંબઈ

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ), સંપર્ક : ૨૩૭૨૧૦૮૪ /૨૩૭૩૪૬૭૮, સમય : ૧૧ થી ૫

મહાજનના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે

Coffee Table Book

મહાજનના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે એક ખૂબ જ ઉચ્ચ કોટીની સ્મરણિકા Coffee Table Book પ્રગટ કરવામાં આવશે, તેના એક વિભાગમાં ક.વી.ઓ. સમાજની મુંબઈ / ભારત / વિદેશમાં કામ કરતી દરેક સંસ્થાઓ, ચેરીટેબલ ટ્રસ્ટ, મહાજનો, ગામના મહાજનો, વ્યાપારિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, કેળવણીની સંસ્થાઓ, આરોગ્ય કેન્દ્ર, અતિથિ ગૃહ, દેરાસર, સ્થાનક, ધાર્મિક સંસ્થાઓ, પાંજરાપોળ -જીવદયા, મહિલા સંસ્થા, વૈદ્યકીય દવાખાના, હોસ્પીટલ, મહિલા મંડળો, યુવક મંડળો વિગેરેની યાદી આપવામાં આવશે.

તમારી જાણમાં ભારત કે વિદેશમાં ક.વી.ઓ. સંસ્થાઓ હોય તો તેમને માહિતગાર કરશો.

ઉપરોક્ત દરેક સંસ્થાના અધિકારીઓને વિનંતી કે નીચે મુજબની માહિતી તાત્કાલિક

શુક્રવાર તા. ૬ ડિસેમ્બર ૨૦૧૯ સુધી અમને સંસ્થાના સરનામે મોકલાવી આપવા વિનંતી.

Form to be filled in ENGLISH only (Preferably)

સંસ્થાનું નામ : _____

સ્થાપના વર્ષ : _____

પ્રમુખ પ્રવૃત્તિ : (૧) _____

(૨) _____

(૩) _____

વર્તમાન President : _____

Mg. Trustee : _____

Detail of Organization :

Cont. No. : _____

E-mail id : _____

Website : _____

Address : _____

_____

નોંધ : આપની સંસ્થાની માહિતી આપ kvosjm150@gmail.com અથવા Whatsapp No.: 9082271273 પર પણ મોકલાવી શકશો.

Form www.kvosjm.org પર અથવા https://shorturl.at/bzCDE આ લીંક પર ઉપલબ્ધ છે

લિ. માનદ્ મંત્રીઓ

મહિલા સંસ્થા સમાચાર

કચ્છી મહિલા ફેડરેશન સં. જયાબેન વિશનજી માડ (બિદડા) મહિલા મેડીકલ ફંડ

મહિલાઓને ઓપરેશન, દવાઓ માટે સહાય આપવામાં આવે છે ફોર્મ + રૂબરૂ મુલાકાત મો.: ૮૧૦૪૫૯૬૫૪૦ દર બુધવારે ૪ થી ૬માં સંસ્થાની ઓફિસે C/o મેડિકલ સહાય કન્વીનર :ભારતીબેન નવીન ગંગર, પ્રભાસ્મૃતિ બિ., ગ્રા. ફ્લોર, ભાઉદાજી રોડ, નારાણજી શામજી વાડીની બાજુમાં, માટુંગા મધ્યે થશે.

● નીચેના સ્થળોએ ફોર્મ ઉપલબ્ધ છે. ડોંબિવલી (ઈ.), હેમાબેન સાવલા (ટા. ૧૦ થી ૧૨)પારસમણી જૈન દેરાસર, તિલક રોડ. નાલાસોપારા (ઈ.), સરલા સંગોઈ (ટા. ૪ પછી) ૧૨, મોહન નિવાસ, તુલીજ રોડ. સાયન (વે.), જ્યોતિ સાવલા, નીલપરી એડ (ટા. ૯ થી ૧) ૭/૧૬૦, કમલકુંજ બિ., જૈન સોસાયટી. મસ્જીદ બંદર, મિલન મસાલા (ટા. ૧ થી ૭) ૩૧, કેશવજી નાઈક રોડ.

● લેટેસ્ટ પ્રીસ્ક્રીપ્સન લાવવું. લિ. મહિલા મેડીકલ ફંડ મુખ્ય કમિટી.

2/1/1(24) -------- **(A-19895)(4-1)**

!! દેવપુર લેડીઝ વીંગ (DLW) !!

ચોપાટી જાયેંગે ભેલપુરી ખાયેંગે સખીયોં કે સંગ હમ મૌજ મનાયેંગે ! શું નહીં સમજ્યા? અરે, આ વાત છે આપણા ચોથા પ્રોગ્રામની. તા. ૧૪-૧૨-૧૯ને શનિવારના બપોરે ૨.૩૦ વાગ્યે આપણે મળશું ગિરગામ ચોપાટીમાં લાઈટના બે નંબરના થાંભલા નીચે ખુલ્લા આકાશની નીચે અવનવી રમતો રમશું, આપણા ટાબરીઆઓ સાથે. (પાણી અને પાથરણું સાથે લાવવા). આ પ્રોગ્રામ ફક્ત મેંબર બહેનો તથા તેમનાં બાળકો માટે જ છે. ચાર્જ દરેકના રૂા. ૫૦ (પાંચ વર્ષની ઉપરના બાળકોનો ચાર્જ લાગશે. ૨૦૨૦ માટે મેંબરશીપ રિન્યુ કરવામાં આવશે. નવા મેંબર્સ આવકાર્ય. તેઓ આ પ્રોગ્રામ માણી શકશે. ઈનામ તથા બાળકોને ગીફ્ટ આપશે-સુશીલાબેન હરખચંદ હરીયા, પુત્રવધુ મિનલના જન્મ દિવસે નિમિત્તે.

● રજીસ્ટ્રેશન : તા. ૩-૪-૫ ડિસેંબર (૧) પ્રીતિ એન. નીસર : 8169540965, (૨) કસ્તુર બી. ગાલા : 9545770726 (૩) ઝવેર બી. ગાલા : 9920886764.

2/1/1(17) -------- **(A-19888)(1-5)**

સમાઘોઘા મહિલા મંડળ ૩ ઈન ૧ પ્રોગ્રામ કુદરતી ઉપચાર, ઉંધીયા પાર્ટી, મીઠો મેળાવડો

આજના સમયમાં વધતી જતી બિમારીઓથી આપણે કંટાળી જઈએ છીએ. દવાની આડ અસર પણ થાય છે. તે જડમુળથી નીકળતી નથી. તેમજ નાની-નાની ભુલોને કારણે અનેક મોટી બિમારીઓ થાય છે. કુદરતી બિમારી થાય તો એનો ઈલાજ પણ કુદરતી રીતે થઈ શકે, જે જડમુળથી બીમારીઓ આપણે કાઢી શકીએ.

● નિસર્ગોપચાર ઈલાજ કેવી રીતે થઈ શકે એ બતાવા આપણાં ગામના નિયાણી રેખાબેન મુકેશ દેઢીયા, તા. ૯-૧૨, સોમવાર, ૨.૩૦ pm પધારશે. સાથે 'નવી મેમ્બરશીપ તો ખરી જ' એડ્રેસ : કચ્છ યુવક સંઘ, ૧૦૧, તક્ષશીલા, ચિત્રા સિનેમાની પાછળ, Opp. પેટ્રોલ પંપ, દાદર (ઈ.) ગામની બહેનો, નિયાણીઓ વ્યવસ્થા જાળવવા, પોતાના નામ ૨ દિવસમાં લખાવવા. ૮૧૦૪૯૯૭૦૭૪, ૯૩૨૬૧૮૮૧૩૩. લિ. મંત્રીઓ.

4/1/1(58) -------- **(A-19968)(1-5)**

પરાની બોન બેબી અને મહીલાઓ ખુશ ખબર

